# અન્ય સમાચારો

## ગણદેવીમાં દાઝેલી હાલતમાં બળદ દેખાયો

બીલીમોરા તા.૧૫: ગણદેવી તાલુકા વિસ્તારમાં તાજેતરમાં જ એક આવી શરમજનક ઘટના થઈ ચૂકી છે. અને આજે આજ પ્રકારની બીજી ઘટના સામે આવી હતી. હવે તંત્ર અને લોકોએ જાગૃત થવાની જરૂર છે. દાઝેલી ચામડી સાથે નાંદરખા પાસે બળદ મળી આવ્યો હતો. જેના શરીરના અનેક ભાગોમાં ચામડી ઉખડી ગયેલી દેખાઈ હતી. જીવદયા પ્રેમીઓ અને ગૌરક્ષકોમાં અરેરાટી સાથે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. બળદ પર જ્વલનશીલ પદાર્થ ફેંકાયું હોવાની ચર્ચાએ વિસ્તારમાં જોર પકડ્યું હતું. ગણદેવી મામલતદાર સાહેબ આ સમગ્ર ઘટનાને ધ્યાને લઇ ગુન્હેગારો ને પકડી પાડવા ત્વરિત પગલાં હાથ ધરે એવી તીવ્ર લોકમાંગણી ઉઠવા પામી છે. જો દોષિત સામે તાત્કાલિક કાર્યવાહી નહિ કરવામાં આવે તો આવનાર સમયમાં ફરી કોઈ અબોલું જીવ આજ રીતે શિકાર થશે.

(પાના નં.૮નું ચાલુ...)

**પારનેરાથી સરકારી...............**

સસ્તા અનાજની દુકાનદારો પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે મીલીભગત કરી વિસ્તારના ગરીબ લોકોને આનાજ ઓછું આપી કે અનાજ નહીં આપી બારોબાર કાળા બજારમાં ઘઉં ચોખા ની ગુણ નો જથ્થો વેચી મારે છે. હાલમાં બે અઠવાડિયા અગાઉ પારડી મામલતદારે કન્ટેનરમાં મુંબઇ લઇ જવાતો ચોખા ઘઉં ૩૮ કટ્ટા ૧૮૩૨ કિલો કિંમત ૩૭, ૨૪૦ઝડપી પાડયા હતા. જોકે આ અનાજનો જથ્થો ગુંદલાવ માં આવેલી એક આંટા ફેક્ટરી નો હોવાનું બહાર આવ્યું હતું. જોકે આ ગરીબોને અનાજ સગેવગે કરનારા ભ્રષ્ટાચારીઓ યેનકેન -કારે બચી જતા હોય છે. ત્યારે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ટીમ ગઈકાલે સાંજે બાતમી મળી કે વલસાડ થી એક ટેમ્પો નંબર જીજે ૧૫/એક્સ એક્સ /૯૮૨૮ ને વલસાડ નજીકના વશિયર ગામે કન્ટ્રી ક્લબ હોટલ પાસે અટકાવી એની અંદર તપાસ કરતા બિલ પરમિટ વધુ નહીં કરતા ટેમ્પોચાલક આરોપી વાલજી જયેત સામજી ભાનુશાલી, રહે. પારનેરા લીમડાચોક, વલસાડ, મૂળ રહે કચ્છ ભુજ ની ધરપકડ કરી પોલીસે જેલમાં ધકેલીદીધો હતો. સરકારી અનાજના જથ્થાના સાથે ધાનેરાના ભાનુશાલી ની ધરપકડ કરવામાં આવતા અન્ય સસ્તા અનાજની દુકાનમાં કાળા બજાર કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

## જાહેર નોટીસ

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ધરમપુરની કોર્ટમાં,**
**પરચુરણ અરજી નં.૬૨/૨૦૨૦**

**અરજદાર : હસમુખભાઈ ગોરધનદાસ રાંચ**
રહે. પારસી ફ., દિનબારી, કપરાડા
તા. કપરાડા, જી. વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી**
ગ્રામ પંચાયત કપરાડા

ઉપરોક્ત અરજદારે તેમના ભાઈ સુરેશભાઈ ગોરધનદાસ રાંચનો જન્મ તા.૧૧/૦૨/૧૯૬૭ના રોજ મોજે કપરાડા, પારસી ફ., દિનબારી, તા. કપરાડા, જી. વલસાડ મુકામે થયેલ હોવા અંગેની ઉપરોક્ત અરજદારના ભાઈના જન્મની નોંધણી કરવા અત્રેની કચેરીમાં અરજી કરેલ છે જે વાસ્તે જે કોઈને અરજી વિરૂધ્ધ વાંધા હોય તેમણે દિન-૩૦માં વાંધા અત્રેની કોર્ટમાં રજુ કરવા, વાંધા ન રજુ થયેથી અરજી મંજુર કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા. **૧૨** માહે **ઓક્ટોબર** સને **૨૦૨૦** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## દિવાળી નાસ્તા...દિવાળી નાસ્તા...

વલસાડની સ્વાદપ્રિય જનતા માટે દર વર્ષની જેમ દિવાળીમાં વિવિધ પ્રકારનાં નાસ્તા જેવાકે મગજ, મોહનથાળ, મૈસુર, બુંદીલાડુ, ઘુઘરા, ખડખડાયા, લાલુશાહી, ફરસીપુરી, મસાલાપુરી, રવા મેંદાની પુરી, મીઠા સક્કરપારા, મસાલાવાળા સક્કરપારા, મઠીયા, ચોરાફળી, મક્કઈ ચેવડો, પૌવાચેવડો, તીખા ગાંઠીયા, મોરાગાંઠીયા, ભાવનગરી ગાંઠીયા, બટરચકરી, કાજુકતરી, કાજુરોલ, કાજુઅજાર રોલ, શ્રીખંડ, વટાણા સમોસા, મેકસીકન સમોસા, ચીઝયનાર સમોસા તથા ડ્રાયફ્રુટ ગીફટ બોક્ષનાં ઓર્ડર લેવામાં આવશે. હાલનાં સંજોગોને ધ્યાનમાં લઈ સ્વચ્છતા-સ્વાસથય માટે પુરી તકેદારી રાખવામાં આવશે, વધુ ઓર્ડર હશે તો શહેર પુરતી હોમડીલીવરી આપવામાં આવશે. અઆ વર્ષે ઓર્ડર પુરતો જ નાસ્તો બનાવવાનો હોય અમારા માનવંતા ગ્રાહકોને આપનો ઓર્ડર નીચેનાં નંબર ઉપર તા. ૨૫/૧૦/૨૦૨૦ સુધીમાં બુક કરાવવા વિનંતી છે. દરેક આઈટમનાં ભાવો નીચેના નંબર પરથી મળી શકશે.

**સરનામું**

**એકતા કેટરીંગ સર્વિસ, ૧ પ્રતિક્ષા એપાર્ટમેન્ટ, વલસાડ પારડી**
**મો.નં. ૯૮૨૫૫૫૮૧૮૫, ૯૪૨૬૮૪૬૯૧૬, ૮૩૨૦૨૯૫૩૭૯**
**૯૯૯૮૩૯૯૫૫૩, ૯૮૭૯૯૩૫૦૩૬**

# ફિલ્મોની અજાણી વિગતોનો ખજાનો ભેગો કરનાર સુરતનાં હરીશ રઘુવંશીને સલામ

**ઓક્ટોબરના સિતારા**
**નરેશ કાપડિયા**



હિંદી ફિલ્મોની આર્કિવ તૈયાર કરવામાં જેમનું ઘણું પ્રદાન છે તેવાં હરીશ રઘુવંશીનો આજે ૭૧ મો જન્મ દિવસ છે. ૧૫ ઓક્ટોબર, ૧૯૪૯ના રોજ પાલઘરમાં તેમનો જન્મ થયો હતો. મૂળેસુરતી એવા હરીશભાઈ સુરતનું અને ગુજરાતનું જ નહીં હિંદી ફિલ્મોના આંકડા, ઈતિહાસ અને ગીતોની દુર્લભ માહિતી ભેગી કરીને તેના રસિયાઓ સુધી પહોંચાડવાનું માનવંત કાર્ય કર્યું છે. તેમના 'મુકેશ ગીત કોષ' અને 'ગુજરાતી ફિલ્મ ગીત કોષ'ના કાર્ય પી.એચડી. થી કમ નથી. ફિલ્મોની વિગતોના રીસર્ચર, સ્ટેટેસ્ટિક અને સેંકડો ફિલ્મોગ્રાફીઓના સર્જક હરીશભાઈને સલામ.

આજે આપણા જેવાં જૂની ફિલ્મો અને તેના ગીતોનારસિયાઓ ઈન્ટરનેટ પરથી જે સરળતાથી વિગતો મેળવીને વહેંચી શકીએ છીએ તેની પાછળ જેમનોદાયકાઓનો પરિશ્રમ હતો તેવા કાનપુરના હરમંદિર સિંઘ 'હમરાઝ'એ છેક ફિલ્મો બોલતી થઈ ત્યારથી દર દસ વર્ષના સમય ગાળાના માહિતી પુસ્તકો બનાવ્યાં. જેમાં ફિલ્મના કલાકારો,ગીતકાર-સંગીતકાર,ગાયકોથી માંડીને ગીતના બોલ અને તેના રોકોર્ડ નંબર પણ નોંધવામાં આવ્યાં હતાં. આ આપણા દેશનું પહેલું એવું ખોજી ફિલ્મ પત્રકારત્વ હતું, જેને કારણે આજે સેંકડો વેબસાઈટ અને લેખકો એ દુર્લભ માહિતી સરળતાથી નિશુલ્ક મેળવી શકે છે. એ હમરાઝ અને આપણા હરીશભાઈ ખાસ મિત્રો. ચોકસાઈમાંએકબીજાથી ચડે એવાં એક બીજાથી પ્રેરિત મિત્રો.

મુકેશજી તેમના પ્રિય ગાયક. ૧૯૭૯માં એવી વાતો થતી કે મુકેશજીએ દસેક હજાર ગીતો ગાયા હશે. હરીશભાઈએ 'મુકેશ ગીત કોષ'નો સંશોધનનો કપરો પ્રોજેક્ટ ચારેક વર્ષના પરિશ્રમથી પાર પાડ્યો. તેમણે દેશના વિવિધ સેન્સર બોર્ડની કચેરીઓ, ફિલ્મ નિર્માતાઓ અને અનેકાનેક કલાકારોનો સંપર્ક કરીને વિગતો ભેગી કરી. યાદ રહે, આ બધું તેમણે ઈન્ટરનેટ, કમ્પ્યુટર કે મોબાઈલ ફોન આવ્યાં પહેલાં કર્યું હતું. કોઈ અખબાર ગૃહ કે મોટી સંસ્થા ન કરી શકે તેવું કામ આ વ્યક્તિએ એકલપંડે કર્યું. તેમના જોશ, ધગશ અને ઉમળકાને સલામ. તેમની ધારણા મુજબ મુકેશજીએ ગયેલાં ગીતોની સંખ્યા બારસોથી વધતી નહોતી અને બન્યું પણ એવું જ. એ પુસ્તકે હરીશ રઘુવંશીને રાષ્ટ્રીય કક્ષાના ફિલ્મ સંશોધક રૂપે ખ્યાતનામ કર્યા. તેજ રીતે 'ગુજરાતી ફિલ્મ ગીત કોષ'ના તેમના કાર્યએ આપણને ગુજરાતી ફિલ્મોની દુર્લભ માહિતીઓ તો આપી જ પણ દેશની કોઈ એક ભાષાની ફિલ્મો પર થયેલાં સંશોધન કાર્યનો ઉત્તમ નમૂનો પુરો પાડ્યો. આજે આ બંને પુસ્તકો અપ્રાપ્ય છે. તેમની હાજરીમાં જ તેની સંવર્ધિત આવૃત્તિઓથાય તે માટે હરીશભાઈને જે જોઈએ તે સહાય આપવામાં આવે તો મોટું કામ થાય. વર્ષો સુધી હરીશભાઈ હિંદી-ગુજરાતી ફિલ્મ સામયિકો અને અખબારોની ફિલ્મોની પૂર્તિઓમાં જાણીતા કલાકારોના ગીત-સંગીતની વિગતો, ફિલ્મોગ્રાફીપ્રગટ કરતા રહ્યા. એમનાથી પ્રભાવિત થઈને જ રોજેરોજકલાકારો પરના લેખો તૈયાર કરવાની પ્રેરણા મને પણ મળી છે. હું હરીશભાઈનો દાયકાઓથી પ્રસંશક છું, મિત્ર છું. હરીશભાઈનકરીવિગતોના લેખક. શબ્દોનાસાથિયાપુરવા કે ઘુમાવીફેરવીને વાચકને અનેક ગલીઓમાં ફેરવીને રોડ પર લાવનારા લેખક એ નહીં. તેઓ સરળ ભાષામાં સીધી વાત કરે. આંકડાઓ અને માહિતી તો એવી રીતે આપે કે વાચક વિચારતો થઈ જાય. બીરેન કોઠારીએ તેમના બ્લોગમાં હરીશભાઈના લખાણનું એક ઉદાહરણ આપ્યું છે, 'સંગીતકાર અવિનાશ વ્યાસની ફિલ્મોની સંખ્યા નૌશાદની ફિલ્મો કરતા ત્રણ જ ઓછી છે અને રોશન કે હેમંત કુમારથી વધુ છે.'

તેમને હંમેશા યાદ કરાશે તેમના 'ઈન્હેં ના ભુલાના' પુસ્તકથી, જેમાં તેમણે ઓછા જાણીતા કલાકારો વિષે યાદગાર રોચક માહિતી આપી છે. જયારે વિગતો ભેગી કરવી દુષ્કર હતી, ઉદાસી હતી, એવા સમયની વિગતો મેળવવાનું સત્કર્મ આજે માહિતીનાઘોડાપુરમાં વિશેષ બિરદાવવું જોઈએ. અસલી વિગત સુધી પહોંચવાની તેમની ધગશ, જોશ, ચોકસાઈ, મદદરૂપ થવાનો ઉત્સાહ બેમિસાલ છે. એવા મિત્ર હરીશ રઘુવંશીને તેમના જન્મ દિને ખૂબ ખૂબશુભેચ્છાઓ.


## DOLAT INVESTMENTS LIMITED

**Registered Office:** Office No. 141, Center Point, Somnath, Daman, Daman & Diu-396210
**Corporate Office:** 301-308, Bhagwati House, Plot A/19, Veera Desai Road, Andheri (West), Mumbai - 400058
**Tel.:** 91-22-2673 2602; **Fax:** 91-22-26732642
**Website:** www.dolatinvest.com; **E-mail:** post@dolatinvest.com; **CIN:** L67100DD1983PLC004760;

**Extract of Unaudited CONSOLIDATED AND STANDALONE Financial Results for the quarter and Six months ended 30th September, 2020**

Rs. in Lakhs

| Sr. No | Particulars | Consolidated | | | Standalone | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended 30.09.2020 Unaudited | 6 Months Ended 30.09.2020 Unaudited | Quarter Ended 30.09.2019 Unaudited | Quarter Ended 30.09.2020 Unaudited | 6 Months Ended 30.09.2020 Unaudited | Quarter Ended 30.09.2019 Unaudited |
| 1 | Total income from operations | 5,731.08 | 10,224.61 | 3,950.64 | 4,581.57 | 8,183.74 | 3,064.88 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 3,426.93 | 6,458.18 | 2,694.11 | 2,991.03 | 5,644.60 | 2,231.74 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 3,426.93 | 6,458.18 | 2,694.11 | 2,991.03 | 5,644.60 | 2,231.74 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 2,447.01 | 4,606.07 | 2,081.14 | 2,439.02 | 4,591.21 | 2,072.71 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 2,447.10 | 4,606.24 | 2,081.23 | 2,439.11 | 4,591.38 | 2,072.80 |
| 6 | Equity share capital | 1,760.00 | 1,760.00 | 1,760.00 | 1,760.00 | 1,760.00 | 1,760.00 |
| 7 | Reserve (excluding Revaluation Reserve as shown in the balance sheet of previous year) | - | - | - | - | - | - |
| 8 | Earnings Per Share (of Rs. 1/- each) (for continuing and discontinued operations) - | | | | | | |
| | a) Basic | 1.39 | 2.62 | 1.18 | 1.39 | 2.61 | 1.18 |
| | b) Diluted | 1.39 | 2.62 | 1.18 | 1.39 | 2.61 | 1.18 |

**Note:**
1) The above is an extract of the detailed format of Unaudited Consolidated and Standalone Financial results for the Quarter and six months ended on 30th September, 2020, filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the above Result are available on the Stock Exchange website (www.bseindia.com) and the Company's website (www.dolatinvest.com)

For Dolat Investments Limited
Sd/-
Pankaj D. Shah
Managing Director
(DIN: 00005023)

Place : Mumbai
Date : October 15, 2020


## એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી. (શિડ્યુલ બેંક)

**પારસી સ્ટ્રીટ, હેડ ઓફિસ :**
કિલ્લા-પારડી, જીલ્લો : વલસાડ, ૩૯૬ ૧૨૫.

### જપ્ત કરેલા વાહનની હરાજી

આથી અત્રે નીચે દર્શાવેલ વાહનનો કબજો લીધા પછી / જપ્ત કર્યા પછી એસબીપીપી કો-ઓપરેટીવ બેન્ક લી.ના અધિકૃત અધિકારી દ્વારા નિયમાનુસાર ખાતેદારોને યોગ્ય તક આપવામાં આવી હોવા છતાં તેમની બાકી ચુકવણીની રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ બન્યા હોવાથી તેમના નીચે જણાવેલ વાહનો જાહેર હરાજીથી વેચવાનો નિર્ણય લીધો છે.

| અ. નં. | કરજદારનું નામ | વાહનની વિગત | વાહન રજીસ્ટ્રેશન નંબર |
|---|---|---|---|
| ૧ | સુરેશ વી. મુલાગુંદ | EML Eicher 30.35-2015 | GJ-15-YY-8375 |
| ૨ | કમલેશ એચ. કહાર | Maruti Ciaz - 2016 | GJ-15-CF-2003 |
| ૩ | મૃગેશ દયાળભાઈ પટેલ | Maruti Swift VDI -2017 | GJ-15-CG-7959 |
| ૪ | દિપક શુક્કરભાઈ આહિર | Tavera - 2016 | GJ-15-CF-9316 |

ઉપરોક્ત વાહનની જાહેર હરાજી સોમવાર તા.૨૬-૧૦-૨૦૨૦ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે અને આ જપ્ત કરેલ વાહન બેન્કની ઉદવાડા શાખામાં જ્યાં છે ત્યાં જેમ છે તેમ'' હાલતમાં હરાજીથી વેચાણ કરવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે બોલી બોલતા પહેલા રૂા.૨૫,૦૦૦/- બેન્કમાં ડીપોઝીટ તરીકે રોકડેથી જમા કરાવવાની રહેશે. હરાજીમાં ભાગ લેનારે પોતાનું ID Proof, PAN Card ની [redacted] રજુ કરવાની રહેશે. હરાજીની અન્ય
શરતો હરાજીના સમય અને [redacted] પર વાંચી સંભળાવવામાં આવશે.
**વાહન માલિકો/ કરજદારો / [redacted] નોને નોટીશ -**

વાહન માલિકને પણ આથી ન [redacted] આપવામાં આવે છે કે બાકી નીકળતી
રકમ હરાજી થવા અગાઉ ભ [redacted] હન પરત લઈ જઈ શકે છે અથવા
તમારા પરિચિત વાહન ખરીદ [redacted] લાવી વાહનની વધુ કિંમત ઉપજાવી
શકો છો.

વાહન માલિકને પણ આથી ન [redacted] આપવામાં આવે છે કે બાકી નિકળતી
રકમ હરાજી થવા અગાઉ ભ [redacted] હન પરત લઈ જઈ શકે છે અથવા
તમારા પરિચિત વાહન ખરીદ [redacted] લાવી વાહનની વધુ કિંમત ઉપજાવી
શકો છો.

સફળ પ્રસ્તાવકારને વાહનની [redacted] રી રકમ ભર્યેથી ડીલીવરી આપવામાં
આવશે.
હરાજી મંજુર નામંજુર કરવા [redacted] ક બેન્કનો અબાધિત રહેશે. જે માટે
કોઈ ઈસમ કોઈપણ જાતની [redacted] ઉઠાવી શકશે નહીં.
**હરાજીનું સ્થળ : બેન્કની ઉ [redacted] શાખાનાં મકાનમાં**

**કિલ્લા-પારડી**
**તા.૧૫-૧૦-૨૦૨૦**

**બેન્કના અધિકૃત અધિકારી**
**(ચેરમેનશ્રીની સુચનાથી)**

## પશ્ચિમ રેલ્વે
## મુંબઈ સેન્ટ્રલ અને હ. નિઝામુદ્દીન વચ્ચે વધુ એક સ્પેશ્યલ ટ્રેન દોડાવશે



**મુંબઈ સેન્ટ્રલ ⇌ હ. નિઝામુદ્દીન**
**(અગસ્ટ ક્રાંતિ રાજસ્થાની ડેઈલી સ્પેશ્યલ)**

| ટ્રેન નં. | રવાના | આગમન | W.E.F. |
|---|---|---|---|
| ૦૨૯૫૩ | મુંબઈ સેન્ટ્રલ ૧૭:૪૦ કલાક | હ. નિઝામુદ્દીન ૧૧:૦૦ કલાક | ૧૭/૧૦/૨૦૨૦ |
| ૦૨૯૫૪ | હ. નિઝામુદ્દીન ૧૭:૨૦ કલાક | મુંબઈ સેન્ટ્રલ ૧૦:૦૫ કલાક | ૧૮/૧૦/૨૦૨૦ |

**રોકાણો:-** અંધેરી, બોરીવલી, વાપી, વલસાડ, સૂરત, ભરૂચ, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર અને મથુરા સ્ટેશન.

**રચના:-** ફસ્ટ એસી, એસી-૨ ટાયર, એસી-૩ ટાયર અને પેન્ટ્રી કાર

### નવી દિલ્હી - મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ( ટ્રેન નં. ૦૨૯૫૨)ના વચગાળાના સ્ટેશનોના સમયમાં ફેરફાર

| ટ્રેન નં,૦૨૯૫૧ (MMCT-NDLS) | સ્ટેશનો | ટ્રેન નં,૦૨૯૫૨ (NDLS-MMCT) આગમન | રવાના |
|---|---|---|---|
| ટ્રેન નં. ૦૨૯૫૧ ના સમયમાં કોઈ ફેરફાર નથી. | નવી દિલ્હી | | ૧૭:૦૦ |
| | કોટા | | ૨૧:૫૦ |
| | રતલામ | | ૦૦:૪૫ |
| | વડોદરા | | ૦૩:૫૬ |
| | સૂરત | | ૦૫:૩૩ |
| | મુંબઈ સેન્ટ્રલ | | |

ટ્રેન નં. ૦૨૯૫૨ ના નવી દિલ્હીથી પ્રસ્થાન અને મુંબઈ સેન્ટ્રલ ખાતે આગમનના સમયમાં કોઈ ફેરફાર નથી.

ટ્રેન નં.૦૨૯૫૩ માટેનું બુકીંગ તા.૧૬-૧૦-૨૦૨૦થી નોમીનેટેડ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસી ટીસીની વેબસાઈટ પર ખુલશે. આ ટ્રેન સંપૂર્ણ આરક્ષિત ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલ્વે**
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો facebook.com/WesternRly | અમને ફલો કરો twitter.com/WesternRly

**તમામ આરક્ષીત ટીકીટો સાથે ઓળખ પત્ર સાથે રાખો**


















**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક